
# ખટનાલ ગામનાં દેવસ્થાનો આધ્યાત્મિક આસ્થાના કેન્દ્ર, સમરસ જીવનશૈલી ગામની આગવી ઓળખ


કેરવાડ માતાજી મંદિર


શ્રી ખોડીયાર મંદિર — શ્રી વહેરાઈ મંદિર


શ્રી બળીયાદેવ મંદિર


કેદારનાથ મહાદેવ

ખંભાત તાલુકાનું ખટનાલ ગામ માત્ર કૃષિપ્રધાન ગામ તરીકે જ નહીં, પરંતુ આધ્યાત્મિકતા, સાંસ્કૃતિક પરંપરા અને સામાજિક સમરસતાના જીવંત પ્રતીક તરીકે પણ ઓળખાય છે. ગામના ભાગોળ સહિત વિવિધ વિસ્તારોમાં આવેલા 15થી વધુ નાનાં-મોટાં દેવ મંદિરો, ધર્મસ્થાનો અને ધાર્મિક સંસ્થાઓ ગામના આધ્યાત્મિક જીવનનું કેન્દ્રબિંદુ છે. આ મંદિરો માત્ર પૂજા-અર્ચનાના સ્થળો નથી, પરંતુ સમગ્ર ગામને એક સૂત્રમાં બાંધતા આસ્થા અને સંસ્કારોના પ્રેરણાસ્થાન છે. ગામમાં આવેલા મહાદેવ મંદિર, કોટેશ્વર મહાદેવ મંદિર, બળીયાદેવ મહારાજ મંદિર, વેરાઈ માતા મંદિર અને મેલડી માતાજી મંદિર સહિતના દેવસ્થાનોમાં વર્ષભર ધાર્મિક કાર્યક્રમો યોજાતા રહે છે. નવરાત્રી, રામનવમી, જન્માષ્ટમી, મહાશિવરાત્રી, હોળી અને ધુળેટી જેવા તહેવારો પરંપરાગત રીતરિવાજો સાથે સામૂહિક રીતે ઉજવાય છે.

સવાર અને સાંજના સમયે મંદિરોમાં ગુંજતી આરતી, ઘંટનાદ અને ઝાલરોનો મધુર રણકાર સમગ્ર ગામના વાતાવરણને ભક્તિમય અને આધ્યાત્મિક બનાવે છે. ખટનાલની સૌથી મોટી વિશેષતા તેની સામાજિક એકતા અને ભાઈચારાની ભાવના છે. વિવિધ સમાજ અને જ્ઞાતિના લોકો વર્ષોથી પરસ્પર પ્રેમ, સ્નેહ અને વિશ્વાસ સાથે જીવન વિતાવી રહ્યા છે. ગામમાં કોઈપણ ધાર્મિક કે સામાજિક પ્રસંગ હોય, તમામ ગ્રામજનો એક પરિવારની જેમ જોડાઈને આયોજનને સફળ બનાવે છે. એકબીજાના સુખ-દુ:ખમાં સહભાગી બનવાની પરંપરા આજે પણ જીવંત છે, જે ગામની સંસ્કારી રહેણીકરણીનું પ્રતિબિંબ છે. આધ્યાત્મિક મૂલ્યો, પરંપરાગત સંસ્કૃતિ, સામાજિક સમરસતા અને પરસ્પર સહયોગની ભાવનાએ ખટનાલ ગામને એક આદર્શ અને પ્રેરણાદાયી ગ્રામ્ય સમાજ તરીકે આગવી ઓળખ અપાવી છે. અહીંના દેવસ્થાનો માત્ર શ્રદ્ધાના કેન્દ્ર નથી, પરંતુ ગામની એકતા, સંસ્કાર અને સામૂહિક જીવનના મજબૂત આધારસ્તંભ પણ છે.

## જ્ઞાન, મહેનત અને સંસ્કારના બળે દેશ-વિદેશમાં ઉજ્જવળ કારકિર્દી ઘડતા યુવાનો નવી પેઢી માટે બન્યા પ્રેરણાસ્ત્રોત

ખંભાત તાલુકાનું ખટનાલ ગામ આજે માત્ર કૃષિ અને સામાજિક સમરસતા માટે જ નહીં, પરંતુ શિક્ષણ અને કારકિર્દીના ક્ષેત્રે પણ પોતાની આગવી ઓળખ સ્થાપિત કરી રહ્યું છે. ગામના યુવાનો અને વતનીઓએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર સફળતા મેળવી સમગ્ર ગામનું ગૌરવ વધાર્યું છે. શિક્ષણને જીવન પરિવર્તનનું સૌથી સશક્ત સાધન માની ગામમાં વર્ષોથી જાગૃતિ અને અભ્યાસ પ્રત્યેનું સકારાત્મક વાતાવરણ વિકસ્યું છે. મજબૂત શૈક્ષણિક પાયા અને વાલીઓની શિક્ષણ પ્રત્યેની જાગૃતિના કારણે ગામમાંથી શિક્ષકો, તબીબો, ઈજનેરો, પ્રોફેસરો, નર્સિંગ નિષ્ણાતો તેમજ વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રોના અનેક પ્રતિભાશાળી યુવાનો તૈયાર થયા છે. અંદાજે 100થી વધુ ગ્રેજ્યુએટ તથા ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરેલા યુવક-યુવતીઓ આજે સમાજના વિવિધ ક્ષેત્રોમાં પોતાની સફળ કારકિર્દી બનાવી રહ્યા છે. ખટનાલના યુવાનો પી.ટી.સી., ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન, ટેકનિકલ શિક્ષણ, તબીબી અભ્યાસ, નર્સિંગ સહિતના અભ્યાસક્રમોમાં સફળતા મેળવી રહ્યા છે. સાથે જ આર્મી, પોલીસ વિભાગ, પોસ્ટ વિભાગ, બેંકિંગ, સહકારી સંસ્થાઓ અને વિવિધ સરકારી કચેરીઓમાં જવાબદારીપૂર્વક સેવા આપી રહ્યા છે. દેશની સુરક્ષામાં યોગદાન આપતા જવાનો ગામ માટે ગૌરવનું પ્રતીક બન્યા છે. ખાનગી ક્ષેત્રમાં પણ અનેક યુવાનો મેનેજર, સુપરવાઈઝર, ટેક્નિશિયન, વાયરમેન, ડ્રાઈવર અને અન્ય વિવિધ હોદ્દાઓ પર કાર્યરત રહી આત્મનિર્ભર જીવન જીવી રહ્યા છે. શિક્ષણ, પરિશ્રમ અને સંસ્કારોના મજબૂત પાયા પર આગળ વધતું ખટનાલ ગામ આજે નવી પેઢી માટે પ્રેરણાનું કેન્દ્ર બની રહ્યું છે. અહીંની પ્રતિભાઓ પોતાના પરિવારની સાથે સમગ્ર ગામનું નામ રોશન કરી વિકાસ અને પ્રગતિની નવી દિશા દર્શાવી રહી છે.

**ઉચ્ચ શિક્ષણથી સફળતા મેળવીને ખટનાલની ૧૦૦ જેટલી પ્રતિભાઓએ ગામનું ગૌરવ વધાર્યું**

# સંસ્કાર, સ્વચ્છતા અને ગુણવત્તાયુક્ત શિક્ષણનું પ્રેરણાધામ : ખટનાલની સરકારી પ્રાથમિક શાળા






આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના ખટનાલ ગામની સરકારી ગુજરાતી પ્રાથમિક શાળા શિક્ષણની સાથે સંસ્કાર, સ્વચ્છતા અને સર્વાંગી વિકાસનું ઉત્તમ કેન્દ્ર બની છે. ગામના પાદરમાં આવેલી આ શાળામાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શાળાના પ્રવેશદ્વારથી જ હરિયાળું, સ્વચ્છ અને વ્યવસ્થિત વાતાવરણ મુલાકાતીઓને આકર્ષે છે અને શિક્ષણ પ્રત્યેનો સકારાત્મક અભિગમ સ્પષ્ટપણે અનુભવી શકાય છે.

શાળામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. વિષય નિષ્ણાત અને અનુભવી શિક્ષકો સરળ, સર્જનાત્મક અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ પદ્ધતિ દ્વારા બાળકોમાં જ્ઞાન સાથે આત્મવિશ્વાસ અને જીવનમૂલ્યોનું સિંચન કરે છે. શાળામાં નિયમિત પ્રાર્થના, સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ, રમતગમત, સાંસ્કૃતિક કાર્યક્રમો અને વિવિધ સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓની પ્રતિભાને ખીલવવાનો સતત પ્રયાસ કરવામાં આવે છે.

**વિષય નિષ્ણાત શિક્ષકોનું સરળ, સર્જનાત્મક અને પ્રવૃત્તિ આધારિત જ્ઞાન આત્મવિશ્વાસ અને જીવનમૂલ્યોનું સિંચન કરે છે**

મધ્યાહન ભોજન યોજનામાં પણ શાળા અનોખી પહેલ માટે જાણીતી છે. વિદ્યાર્થીઓ ટુકડીઓમાં સાથે બેસીને ભોજન કરે છે, જેના કારણે સમૂહભાવના, સમાનતા અને સહકાર જેવા મૂલ્યોનું સહજ રીતે સંવર્ધન થાય છે. આ સફળતાનો શ્રેય શાળાના દુરંદેશી, કાર્યનિષ્ઠ અને વિદ્યાર્થીઓ પ્રત્યે સમર્પિત આચાર્ય તેમજ શિક્ષકગણને જાય છે. તેમની સમયબદ્ધતા, નિષ્ઠા, સર્જનાત્મક આયોજન અને સતત પરિશ્રમના પરિણામે ખટનાલની સરકારી પ્રાથમિક શાળા આજે માત્ર શિક્ષણનું કેન્દ્ર નથી, પરંતુ સંસ્કાર, સ્વચ્છતા, શિસ્ત અને ગુણવત્તાયુક્ત શિક્ષણનું જીવંત મોડેલ બની સમગ્ર જિલ્લામાં અન્ય શાળાઓ માટે પ્રેરણાસ્ત્રોત તરીકે ઉભરી આવી છે.




## દુધ ઉત્પાદક સહકારી મંડળી છેલ્લા ૬૫ વર્ષથી પશુપાલકો માટે આર્થિક આત્મનિર્ભરતાનું કેન્દ્ર

ખંભાત તાલુકાના ખટનાલ ગામે પશુપાલકો અને ખેડૂતોની આર્થિક પરિસ્થિતિની સદ્ધરતા પામવા માટે આવકનો મુખ્ય સ્ત્રોત દુધાળા પશુઓ છે. દુધાળા પશુઓનું દુધ ખટનાલ દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં સવાર- સાંજ બંને સમયે જમા કરાવીને ગામના લોકો પોતાનું ભરણપોષણ અને સામાજીક પ્રસંગોનું આયોજન પરીપૂર્ણ કરે છે. સાથે સાથે પોતાના બાળકો માટે શૈક્ષણિક જરૂરીયાતો પણ સંતોષવા માટે દુધ મંડળીની મળતી આવક પર નિર્ભર રહે છે.

દુધ મંડળીના સેક્રેટરી જશપાલસિંહ પઢીયારના જણાવ્યા મુજબ ખટનાલ દુધ મંડળીની સ્થાપના 14-10-1959ના રોજ કરવામાં આવી હતી. ખટનાલ દુધ મંડળીના કુલ સભાસદોની સંખ્યા 870 છે. દુધ મંડળીના ચેરમેન દિનેશભાઈ ઉદેસિંહ ડોડીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સાધારણ સભામાં વર્તમાન વર્ષે નક્કી થયા મુજબ દુધ મંડળીના સભાસદોને 23% બોનસ વિતરણ કરવાનું નક્કી કરાયું છે. જેની ફાળવણી વ્યવસ્થાપક કમિટી દ્વારા પેટા કાયદા મુજબ કરેલ છે.

દુધ મંડળીની વ્યવસ્થાપક કમિટીમાં પાંચ વર્ષની સમય મર્યાદા માટે 11 સભ્યો વહીવટી કામકાજ સંભાળી રહેલ છે.

જેમાં ચેરમેન તરીકે દિનેશભાઈ ઉદેસિંહ ડોડીયા, વાઈસ ચેરમેન ચીમનભાઈ પુનમભાઈ ઠાકોર જવાબદારી સંભાળે છે. જ્યારે સભ્યો તરીકે વિજયસિંહ અશોકભાઈ ચૌહાણ, મહેન્દ્રભાઈ ખોડાભાઈ ડોડીયા, પ્રવિણસિંહ કમરસિંહ પઢીયાર, નારણભાઈ ભગાભાઈ રબારી, ફતેસિંહ છત્રસિંહ મહીડા, મહેન્દ્રસિંહ ખુમાનસિંહ ડોડીયા, ડાહ્યાભાઈ ગાંડાભાઈ વણકર, કાન્તાબેન કનુભાઈ ઠાકોર, પાયલબેન ખોડુભા ડોડીયા નિયુક્ત થયેલ છે.

**અનેક શ્રદ્ધાળુઓ જલંધર જોગીના ટેકરા પર માથું ટેકવી આશીર્વાદ મેળવે છે**

# ખટનાલ ગ્રામ પંચાયતમાં એક જ સ્થળે વિવિધ સરકારી અને ઓનલાઈન સેવાઓ ઉપલબ્ધ

ખંભાત તાલુકાના ખટનાલ ગ્રામ પંચાયત ખાતે ગામજનોને સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે તે માટે વિવિધ સરકારી તથા ઓનલાઈન સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. ગ્રામ પંચાયતના વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર (VCE) દ્વારા નાગરિકોને સરળ, ઝડપી અને પારદર્શક રીતે વિવિધ સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

અહીં વિધવા સહાય યોજના, વૃદ્ધ પેન્શન યોજના, નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના તેમજ આયુષ્માન ભારત કાર્ડ બનાવવાની કામગીરી કરવામાં આવે છે. ઉપરાંત રેશન કાર્ડ સંબંધિત તમામ સેવાઓ, જેમ કે નવું રેશન કાર્ડ બનાવવું, નામ ઉમેરવું કે દૂર કરવું તેમજ જરૂરી સુધારાઓની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે.

આવકના દાખલા મેળવવાની સુવિધા ઉપરાંત ખેડૂતો માટે જરૂરી વિવિધ ઓનલાઈન સેવાઓ પણ ઉપલબ્ધ છે. સ્વરોજગારને પ્રોત્સાહન આપવા માટે માનવ કલ્યાણ યોજના, માનવ ગરિમા યોજના અને વિશ્વકર્મા યોજના હેઠળ માર્ગદર્શન તથા અરજી પ્રક્રિયામાં સહાય કરવામાં આવે છે. સાથે જ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને સમાજ કલ્યાણ નિગમની વિવિધ આર્થિક સહાય તથા લોન યોજનાઓ અંગે પણ માહિતી અને સેવા પૂરી પાડવામાં આવે છે. પરિણામે ગામજનોને સમય અને ખર્ચની બચત સાથે સરકારી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહ્યો છે. ગામમા લગભગ દરેક વિસ્તાર બ્લોક અથવા આરસીસી રોડની સુવિધા ધરાવે છે. અંબાલી ગામે ક્ષત્રિય, સમાજ સહિત અન્ય સમાજના લોકો પણ રહે છે. કોઈ પણ જાતના ભેદભાવ વગર દરેક ફળિયામા બ્લોક અને ગટરની વ્યવસ્થા ઉભી કરવામા આવી છે. ગામના લોકોને પીવાનું શુધ્ધ પાણી નિયમિત મળી રહે તેવી વ્યવસ્થા ગ્રામ પંચાયત દ્વારા જાળવવામાં આવે છે. આગામી દિવસોમા ગામના લોકોને જન સુખાકારી માટે વિવિધ સુવિધા મળી રહે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ગામ નાનું હોવા છતા જરૂરીયાત મુજબની તમામ સુવિધાઓ ઉપલ્બધ છે.



### ગ્રામ પંચાયતના ભૂતપૂર્વ સુકાનીઓ

ઠાકોરલાલ એચ. શાહ, રતનસંગ સી. ડોડીયા, ઠાકોરલાલ એચ.શાહ, રતનસંગ સી. ડોડીયા, નાગજીભાઈ જે. પઢિયાર, મહિજીભાઈ જી. ઠાકોર, પ્રતાપસિંહ એસ. ડોડીયા, મૌકમસંગ કે. પઢીયાર, દોલતસંગ કે. ડોડીયા, દોલતસંગ કે. ડોડીયા, પ્રકાશભાઈ એ. પટેલ, પ્રકાશભાઈ એ. પટેલ, હેમાબેન પી. પટેલ, ગોપાલભાઈ મહીજીભાઈ ઠાકોર

### ગ્રામ પંચાયતની વર્તમાન ટીમ

ગોપાલભાઈ મહીજીભાઈ ઠાકોર સરપંચ, શર્મિષ્ઠાબેન નિલેશભાઈ પટેલ ઉપસરપંચ, સભ્યો : પાયલબેન જયદીપગીરી ગોસાઈ, કપિલાબેન મહેન્દ્રસિંહ ચૌહાણ, શીતલબેન ગોપાલભાઈ રબારી, દિનેશભાઈ ઉદેસિંહ ડોડીયા, જયંતિભાઈ સોમાભાઈ પટેલ, સુભાષભાઈ ગોરધનભાઈ વણકર, જશીબેન રાવજીભાઈ પરમાર, ચંપાબેન કનુંભાઈ પરમાર



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)